જા.નં./જા.આ/એન.એચ.એમ ભરતી જાહેરાત લીંક જનરેટ કરવા બાબત/૨૦૨૫/ તા.૬૬/૦૬/૨૦૨૫

પ્રતિ,

**પ્રોગ્રામ ઓફીસરશ્રી (એડમીન)**

નેશનલ હેલ્થ મિશન,

એસપીએમયુ, એચ.આર.સેલ., સિવીલ હોસ્પિટલ કેમ્પસ,

ગાંધીનગર

**વિષયઃ- NHM હેઠળ આરોગ્ય શાખા,જીલ્લા પંચાયત કચેરી,સુરેન્દ્રનગર ખાતે તાંત્રીક /બિન-તાંત્રીક સંવર્ગની ભરતી માટે આરોગ્ય**

**સાથી પોર્ટલ મારફતે ઓનલાઇન અરજીઓ મંગાવવા તથા લીંક જનરેટ કરવા બાબત.**

સંદર્ભઃ- ૧. માન.મિશન ડાયરેકટરશ્રી (એન.એચ.એમ) ની કચેરીના પત્ર ક્રમાંક નં.એન.એચ.એમ./ એસ.પી. એમ. યુ /ભરતી બાબત/૧૭૭૨/૨૨ તા.૦૪/૧૦/૨૨

૨. માન. જિલ્લા વિકાસ અધિકારીશ્રીની ઇ-સરકારની નોંધ પરની મળેલ મંજુરી અન્વયે.

સવિનય સહ ઉપરોકત વિષય અને **સંદર્ભ-૧** અન્વયે જણાવવાનું કે એન.એચ.એમ હેઠળ જીલ્લા/તાલુકા કક્ષાએ વિવિધ આરોગ્ય સંસ્થાઓમાં કરાર આધારિત ટેકનીકલ/નોન ટેકનીકલ સંવર્ગમાં મંજુર થયેલ માનવ સંસાધનની ખાલી જગ્યાઓની ભરતીની કાર્યવાહી આરોગ્ય સાથી પોર્ટલ મારફતે કરવા જણાવવામાં આવેલ છે.

**સંદર્ભ-૨** અન્વયે આરોગ્ય શાખા, જીલ્લા પંચાયત કચેરી, સુરેન્દ્રનગર ખાતે એન.એચ.એમ. હેઠળ વિવિધ પ્રોગ્રામ અંતર્ગત વર્ષ ૨૦૨૪-૨૬ માં મંજુર ટેકનીકલ/નોન ટેકનીકલ સંવર્ગમાં ખાલી પડેલ જગ્યાઓ ભરવા મંજુરી મળેલ છે.

સુરેન્દ્રનગર જિલ્લામાં એન.એચ.એમ. હેઠળના કાર્યરત વિવિધ પ્રોગ્રામ અંતર્ગત ખાલી જગ્યાઓ ભરવા માટે આરોગ્ય સાથી (એચ.આર.એમ.એસ) ઓનલાઇન પોર્ટલ (https://arogyasathi.gujarat.gov.in) પર ઉમેદવારોની અરજીઓ મંગાવવાની કાર્યવાહી પોર્ટલ મારફતે આપની કક્ષાએથી આપવા વિનંતિ છે. આ સાથે સામેલ ટેકનીકલ/નોન ટેકનીકલ કેડરના TOR મુજબ અલગ અલગ લીંક બનાવવા તેમજ TOR મુજબ તમામ ડોક્યુમેન્ટ અપલોડ થઇ શકે તે મુજબ **તા. ૨૭/૦૬/૨૦૨૫ (૧૨.૦૦ કલાક) થી તા.૦૬/૦૭/૨૦૨૫ (૧૧.૫૯ કલાક)** સુધી લિંક જનરેટ રાખવા સારું. વધુમાં ઉમેદવારો સાથે ઇ-મેઇલ મારફતે કોમ્યુનિકેશન કરવાનું હોઇ ઓનલાઇન અરજીમાં ઇ-મેઇલ આઇ.ડી ની વિગત ફરજીયાત રાખવા વિનંતી છે.

**બિડાણ :-** નિયત નમુનાનું ફોર્મ – એ અને બી.

**મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી**
**આરોગ્ય શાખા, જીલ્લા પંચાયત**
**સુરેન્દ્રનગર**

**નકલ સવિનય રવાના :-**

૧.માન. મિશન ડાયરેક્ટરશ્રી, નેશનલ હેલ્થ મિશન,એસપીએમયુ, સિવીલ હોસ્પિટલ કેમ્પસ,ગાંધીનગર

૨.માન. જીલ્લા વિકાસ અધિકારીશ્રી, જીલ્લા પંચાયત સુરેન્દ્રનગર તરફ જાણ સારૂ.

**નકલ રવાના :-**

જીલ્લા આર.સી.એચ. અધિકારીશ્રી, જીલ્લા પંચાયત સુરેન્દ્રનગર તરફ જાણ સારૂ.

## આરોગ્ય સાથી – જાહેરાત

આરોગ્ય શાખા, સુરેન્દ્રનગર ખાતે NHM અંતર્ગત તાંત્રિક/બિન-તાંત્રિક સંવર્ગની ખાલી જગ્યાઓ ૧૧ (અગિયાર) માસના કરાર આધારીત માસિક ફિક્સ મહેનતાણાથી ભરવા તથા પ્રતિક્ષાયાદી તૈયાર કરવા માટે સદરહું જાહેરાત આપવામાં આવે છે. સદરહું જગ્યાઓ માટે જરૂરી શૈક્ષણિક લાયકાત, અનુભવ ધરાવતા ઇચ્છુક ઉમેદવારોએ આરોગ્ય સાથી પ્રવેશ મોડ્યુલ(HRMS)ની લિંક https://arogyasathi.gujarat.gov.in પર તા.૨૭/૦૬/૨૦૨૫ (૧૨:૦૦ કલાકથી) થી તા.૦૬/૦૭/૨૦૨૫ (રાત્રિના ૧૧:૫૯ કલાક) સુધીમાં ઓનલાઈન અરજી કરવાની રહેશે.

| ક્રમ | જગ્યાનું નામ | ખાલી જગ્યાની સંખ્યા | માસિક ફિક્સ મહેનતાણુ રૂ. | શૈક્ષણિક લાયકાત/અનુભવ |
|---|---|---|---|---|
| ૧. | કોમ્યુનિટી હેલ્થ ઓફિસર (CHO) | ૦૮ | રૂ.૩૦,૦૦૦/- પ્રતિ માસ ફિક્સ અને રૂ.૧૦,૦૦૦/- પરફોર્મન્સ બેઇઝ ઇન્સેન્ટીવ | (1)BAMS/GNM/B.Sc Nursing with SIHFW Vadodara Bonded Certificate Course in Community Health (Bridge Course) from a Government Recognized Institution [Priority will be given to Bonded Candidate in Recruitment]<br>OR<br>(2) Course of CCCH B.Sc. Nursing and Post Basic B.Sc. Nursing who have passed on or after July-2020 form Institutions which have been included in Nursing Course from July-2020 onwards nursing passed candidates. |
| ૨. | આયુષ મેડિકલ ઓફિસર (PHC) | ૦૧ | રૂ.૩૧,૦૦૦/- પ્રતિ માસ ફિક્સ | Candidate must possess degree (BAMS/BSAM/ BHMS) of recognized Colleges / Universities. Candidate must have valid registration with respective Homeopathy/Ayurved council of Gujarat. |
| | આયુષ મેડિકલ ઓફિસર (RBSK) પુરૂષ-૦૦, મહિલા-૦૩ | ૦૩ | | |
| ૩. | મેડિકલ ઓફિસર (UAAM) | ૦૩ | રૂ.૭૫,૦૦૦/- પ્રતિ માસ ફિક્સ | As per state norms and candidate should have passed MBBS & registered in Gujarat Medical Council. (candidate should have complete internship before apply) |
| ૪. | મેડિકલ ઓફિસર (NTEP Program) | ૦૧ | રૂ.૭૫,૦૦૦/- પ્રતિ માસ ફિક્સ | 1.MBBS OR equivalent degree from institution recognized by medical council of India; Must have completed compulsory rotatory internship<br>Preferential Qualification<br>1.Diploma / MD Public Health/ Tuberculosis & Chest diseases<br>2.One year experience in RNTCP<br>3.Basic knowledge of computers |
| ૫. | સ્ટાફ નર્સ (Urban,UAAM,CMTC) | ૨૧ | રૂ.૨૦,૦૦૦/- પ્રતિ માસ ફિક્સ | The candidate should have passed B. Sc (Nursing) from an institution recognized by Indian Nursing Council. Gujarat Nursing Council registration is required<br>OR<br>The candidate should have passed a Diploma in general Nursing and Midwifery obtained from an institution recognized by INC.<br>Gujarat Nursing Council registration is required. Should possess the basic computer course certificate. |
| ૬. | લેબોરેટરી ટેકનીશીયન (Urban) | ૦૪ | રૂ.૨૦,૦૦૦/- પ્રતિ માસ ફિક્સ | (1) Possess the degree of B.Sc. with chemistry or microbiology as principal subject or M.Sc with organic chemistry or microbiology<br>(2) Possess the certificate of having passed the prescribed Laboratory Technician, training course conducted by a recognized institution or a medical college in Gujarat State<br>(3) Provided that the preference shall be given to a candidate possessing practical experience of Laboratory work. |

મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી
જીલ્લા પંચાયત, સુરેન્દ્રનગર

| ક્રમ | જગ્યાનું નામ | ખાલી જગ્યાની સંખ્યા | માસિક ફિક્સ મહેનતાણુ રૂ. | શૈક્ષણિક લાયકાત/અનુભવ |
|---|---|---|---|---|
| ૭ | ફાર્માસીસ્ટ કમ ડેટા આસીસ્ટંટ (Urban,RBSK) | ૧૩ | રૂ.૧૬,૦૦૦/- પ્રતિ માસ ફિક્સ | 1. Candidate must possess degree Bachelor of Pharmacy Or Diploma in Pharmacy from recognized colleges/universities.<br>2. Candidate must have valid registration with Pharmacy council of Gujarat.<br>3. Candidates should have proficiency in Gujarati, Hindi and English languages. Computer literacy and documentation skill is must.<br>4. Provided that preference shall be given to having experience in dispensing the medicine in hospital of dispensaries. |
| ૮ | ફિમેલ હેલ્થ વર્કર (Urban,RBSK,RCH) | ૧૯ | રૂ.૧૫,૦૦૦/- પ્રતિ માસ ફિક્સ | FHW/ANM Course passed from recognized in Indian nursing council.<br>Candidate must have valid registration with Gujarat Nursing council of Gujarat.<br>Candidate should have basic knowledge of computer |
| ૯ | તાલુકા ફાઇનાન્સ આસીસ્ટન્ટ | ૦૧ | રૂ.૨૦,૦૦૦/- પ્રતિ માસ ફિક્સ | 1.Graduate in commerce M.com / B.com with Diploma/Certificate in computer Applications. Knowledge of computer software (accounting software, M.S Office/ GIS software Etc.) and hardware. Basic skills in office management and filling systems. Good typing and data entry skills in English & Gujarati.<br>2.Minimum two year's work experience. Working knowledge in English & Gujarati |

**ઓનલાઇન અરજી કરવા અંગેની મહત્વની સૂચનાઓઃ-**

- ઉમેદવારની ફકત ઓનલાઇન https://arogyasathi.gujarat.gov.in પર મળેલ અરજી જ માન્ય ગણાશે. આર.પી.એ.ડી., સ્પીડ પોસ્ટ, કુરીયર કે સાદી ટપાલ દ્વારા મળેલ અરજીઓ માન્ય રહેશે નહિ.
- સદરહું ભરતી મેરીટના આધારેજ કરવાની હોઈ ઉમેદવારોએ ઓન-લાઈન અરજીમાં તમામ વિગતો ચોકકસાઈથી ભરવા સાથે તમામ જરુરી ડોક્યુમેન્ટ અપલોડ કરવા.
- સુવાચ્ય અને સ્પષ્ટ દેખાય તે રીતે અસલ દસ્તાવેજી તમામ જરૂરી શૈક્ષણીક લાયકાતનાં પ્રમાણપત્રો(વર્ષ/સેમેસ્ટર પાસ-નાપાસ તમામ), ટ્રાયલ સર્ટીફીકેટ, શાળા છોડયાનું પ્રમાણપત્ર વિગેરે જરૂરી તમામ ડોક્યુમેન્ટની ફોટોકોપી સોફટવેર માં ફરજીયાત અપલોડ કરવાની રહેશે જો અસ્પષ્ટ, વંચાય નહી તેવા ડોક્યુમેંટ અપલોડ કરેલા હશે તો તેવી અરજી રદ ગણવામાં આવશે.
- અધુરી વિગતોવાળી અરજીઓ અમાન્ય રહેશે તેમજ ઉમેદવાર એક કરતાં વધુ અરજી કરી શકશે નહી.
- ઉકત તમામ જગ્યાઓ માટેનો પત્ર વ્યવહાર અત્રેની કચેરી ખાતેથી ફકત ઇ-મેઇલ મારફતે જ કરવામાં આવશે જેથી તમામ ઉમેદવારોએ તેઓનાં ઇ-મેઇલ આઇ.ડી. ખાસ કરીને હાલ કાર્યરત હોય તેજ દર્શાવવાનાં રહેશે.
- નિમણૂકને લગત જેવા કે જગ્યાઓ વધારો કે ઘટાડો કરવો, ભરતી પ્રકીયા રદ કરવી અથવા તેને લગત તમામ આખરી નિર્ણય મિશન ડાયરેકટર અને મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી સુરેન્દ્રનગરને અબાધીત રહેશે.
- ઉકત જગ્યાઓ માટે દરેક ઉમેદવારે ઓનલાઇન અરજી કરતા પહેલા જગ્યા માટેની શૈક્ષણીક લાયકાત, અનુભવ, ઉમર, વિગેરેની આરોગ્ય સાથી પોર્ટલમાં જણાવ્યા મુજબ સંપૂર્ણ અભ્યાસ કરી ઓનલાઇન અરજી કરવાની રહેશે.

**મિશન ડાયરેક્ટર**
**અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી**
**ડિસ્ટ્રીકટ હેલ્થ સોસાયટી સુરેન્દ્રનગર**

મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી
જીલ્લા પંચાયત,સુરેન્દ્રનગર